# હવે દુકાનદારોએ નહેર પર પંપ મૂકી પાણી ઉલેચવાનું શરૂ કર્યું

**કરંજ** પાસેની વાલેશા નહેરમાંથી પાણી ખેંચી લેવાય છે અને કચરો ફેંકાય છે

**ખેડૂતો** સામે ગુનો નોંધતા સિંચાઈ વિભાગના અધિકારીઓ વેપારીઓ સામે કેમ મૂકપ્રેક્ષક બની જાય છે

### અધિકારીઓના મેળાપીપણાના પણ આક્ષેપ

રજૂઆતકર્તાએ જણાવ્યું છે કે અગાઉ પણ આ મુદ્દે સંબંધિત વિભાગોને લેખિત રજૂઆત કરવામાં આવી હતી, તેમ છતાં ગેરકાયદેસર રીતે પાણી ચોરી અને પ્રદૂષણની પ્રવૃત્તિઓ યથાવત ચાલુ હોવાનું જણાઈ રહ્યું છે. કેટલાક અધિકારીઓ પોતાની જવાબદારી યોગ્ય રીતે નિભાવતા નથી અને ગેરકાયદેસર કૃત્યો કરનારાઓ સાથે મેળાપીપણા કરતા હોવાનો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે.

સુરત : સુરત જિલ્લાના માંડવી (અરેઠ) તાલુકાના કરંજ ગામ પાસેથી પસાર થતી કાકરાપાર વિભાગની વાલેશા માઈનોર નહેરમાંથી ગેરકાયદેસર રીતે પાણી ઉલેચી લેવામાં આવતું હોવાની તેમજ નહેરમાં કચરો નાંખી પ્રદૂષણ ફેલાવવામાં આવતું હોવાના ગંભીર આક્ષેપો સાથે તાત્કાલિક તપાસ કરી જવાબદાર સામે કડક કાર્યવાહી કરવાની માંગ ઉઠી છે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મહામંત્રી દર્શન નાયકે જિલ્લા કલેક્ટર, કાકરાપાર જમણા કાંઠા નહેર વિભાગના કાર્યપાલક ઈજનેર તથા ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના પ્રાદેશિક અધિકારીને રજૂઆત કરી છે.

રજૂઆતમાં જણાવાયું છે કે કરંજ ગામ પાસેથી પસાર થતી વાલેશા માઈનોર નહેર વિસ્તારના ખેડૂતો માટે સિંચાઈનું મુખ્ય સાધન છે. આ નહેર મારફતે કરંજ, હરિયાલ, છમુછલ, મોલવણ, શેઠી, પાણેથા તેમજ વાલેછા વિસ્તારના લીમોદરા પાટિયા વિસ્તારના ખેડૂતોને સિંચાઈ માટે પાણી પૂરું પાડવામાં આવે છે. જોકે, નહેરની આજુબાજુ આવેલા ઉદ્યોગો તેમજ એક્સપ્રેસ હાઈવેની બાજુમાં આવેલા બ્લોક નંબર ૭૫-અની જમીન પર ઊભા થયેલા આશરે ૧૫ થી ૨૦ શોપિંગ સેન્ટરો દ્વારા સબમર્સિબલ પંપ અને મોટરનો ઉપયોગ કરી ગેરકાયદે નહેરનું પાણી ઉલેચવામાં આવતું હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત નહેરમાં કચરો નાખવામાં આવતો હોવાને કારણે પાણી પ્રદૂષિત થતું હોવાનું અને જેના કારણે નીચેના વિસ્તારના ખેડૂતોને પૂરતું પાણી મળતું નથી તેવી પણ ફરિયાદ કરવામાં આવી છે.

રજૂઆતમાં જણાવાયું છે કે ગત રોજ સિંચાઈ વિભાગની ટીમે સ્થળ પર તપાસ કરી ગેરકાયદે પાણી ઉલેચી રહેલા શોપિંગ સેન્ટરો પાસેથી સબમર્સિબલ પંપો જપ્ત કર્યા હતા. જોકે, બાદમાં માત્ર માફીનામું લખાવી પંપો પરત આપવામાં આવ્યા હોવાનું જણાવાયું છે. પરંતુ આવા કિસ્સામાં ગુના નોંધવા જોઈએ.

### ગોથાણ રેલવે બ્રિજના સમારકામ માટે

# વેલંજાથી વરિયાવનો ટ્રેક ત્રણ મહિના સુધી બંધ

**એક** ટ્રેક બંધ રહેવાને કારણે વરિયાવથી વેલંજા તરફના ટ્રેકનો આવવા અને જવા, બંને માટે ઉપયોગ કરવાનો રહેશે

સુરતઃ રાજ્યમાં બ્રિજની દુર્ઘટનાઓને લઈ, રાજ્ય સરકાર દ્વારા તમામ શહેરોમાં બ્રિજના હેલ્થ રિપોર્ટ બનાવી સમયાંતરે બ્રિજના સમારકામ કરવાના આદેશ અપાયા હતા. જેને લઈ સુરત શહેરમાં પણ મનપા દ્વારા તબક્કાવાર બ્રિજના મેઈન્ટેનન્સની કામગીરી કરવામાં આવી રહી છે. જે અંતર્ગત સુરતના ગોથાણ રેલવે ઓવરબ્રિજ ખાતે વેરિંગકોટનું રિપેરિંગ અને અન્ય જરૂરી સમારકામ કરવામાં આવશે. જેને લઈ આ બ્રિજનો વેલંજાથી વરીયાવ તરફનો ટ્રેક તારીખ 20/05/2026 થી તારીખ 20/08/2026 સુધી, એટલે કે કુલ 92 દિવસ સુધી તમામ પ્રકારના વાહન વ્યવહાર માટે સંપૂર્ણપણે બંધ રાખીને કામગીરી કરવામાં આવશે.

આ સમયગાળા દરમિયાન ટ્રાફિકનું નિયમન સરળતાથી થઈ શકે અને લોકોને મુશ્કેલી ન પડે તે માટે વૈકલ્પિક રૂટ (ડાયવર્ઝન) જાહેર કરવામાં આવ્યો છે. બ્રિજનો વેલંજાથી વરીયાવ તરફનો ટ્રેક બંધ હોય તે સમય દરમિયાન બ્રિજની બીજી તરફનો ટ્રેક એટલે કે વરીયાવથી વેલંજા તરફના ટ્રેકનો ઉપયોગ આવતા અને જતાં બંને તરફના ટ્રાફિકના વાહન-વ્યવહાર માટે કરી શકાશે.

આ સમારકામની કામગીરી તારીખ 20/05/2026 થી તારીખ 20/08/2026 સુધીના સમયગાળામાં કરવામાં આવશે. જો આ કામગીરી બાકી રહેશે તો જાહેરનામું લંબાવવામાં આવશે અને જો કામગીરી વહેલી પૂર્ણ થઈ જશે તો બીજી કોઈ જાહેરાત વિના જ આ બ્રિજ ફરીથી વાહનવ્યવહાર માટે ખુલ્લો મૂકવામાં આવશે.

# બુલેટ ટ્રેનઃ ભરૂચ નજીક 130 મીટરના સ્ટીલ બ્રિજનું લોન્ચિંગ

**ઉમરગામ** ખાતે આવેલી કાર્બન ફેક્ટરી વર્કશોપમાં આ સ્ટીલ બ્રિજનું નિર્માણ કરવામાં આવ્યું

અમદાવાદ : મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ હેઠળ ગુજરાતના ભરૂચ જિલ્લાના ત્રાલસી ગામ નજીક ભારતીય રેલવે ટ્રેક ઉપર 130 મીટર લાંબા સ્ટીલ બ્રિજના સ્પાનનું સફળતાપૂર્વક લોન્ચિંગ પૂર્ણ કરવામાં આવ્યું છે. આ બ્રિજ 330 મીટર લાંબી સ્ટીલ રચનાનો ભાગ છે અને વેસ્ટર્ન ડેડિકેટેડ ફ્રેટ કોરિડોર (DFCC)ના સુરત-વડોદરા વિભાગ વચ્ચે આવેલા ટ્રેકને પાર કરે છે.

બુલેટ ટ્રેન પ્રોજેક્ટ અંતર્ગત નિર્માણાધીન આ બ્રિજમાં 100+130 મીટરનો કન્ટિન્યુઅસ સ્પાન તથા 100 મીટરનો સિમ્પલી સપોર્ટેડ સ્પાન સમાવાયો છે. તેમાં 130 મીટર લાંબા સ્પાનનું લોન્ચિંગ 16 મે 2026ના રોજ સફળતાપૂર્વક પૂર્ણ થયું હતું. આશરે 18 મીટર ઊંચાઈ અને 15.5 મીટર પહોળાઈ ધરાવતા આ સ્પાનનું વજન અંદાજે 2900 મેટ્રિક ટન હોવાનું જણાવાયું છે.

આ અગાઉ માર્ચ 2026 દરમિયાન 100 મીટર લાંબા સિમ્પલી સપોર્ટેડ સ્પાનને નિર્માણ સ્થળ પર જ સ્થાપિત કરવામાં આવ્યો હતો, જેનું વજન અંદાજે 1500 મેટ્રિક ટન છે. બાકીના 100 મીટર લાંબા કન્ટિન્યુઅસ સ્પાનનું કામ પણ સ્થળ પર જ પૂર્ણ કરવામાં આવશે. બ્રિજની સંપૂર્ણ રચના પૂર્ણ થયા બાદ તેનું કુલ વજન અંદાજે 6100 મેટ્રિક ટન થશે. ગુજરાતના ઉમરગામ ખાતે આવેલી કાર્બન ફેક્ટરી વર્કશોપમાં આ સ્ટીલ બ્રિજનું નિર્માણ કરવામાં આવ્યું છે. બ્રિજને 100 વર્ષની આયુષ્યને ધ્યાનમાં રાખીને ડિઝાઇન કરવામાં આવ્યો હોવાનું જણાવાયું છે.

130 મીટર લાંબા સ્પાનના નિર્માણમાં આશરે 1.21 લાખથી વધુ ટોર-શિયર પ્રકારના હાઇ સ્ટ્રેન્થ બોલ્ટ, C5 સિસ્ટમ પેઇન્ટિંગ તથા મેટાલિક બેરિંગનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ સ્પાનને જમીનથી અંદાજે 14 મીટરની ઊંચાઈએ અસ્થાયી ટ્રેસ્ટલ્સ પર એસેમ્બલ કરીને બે સેમી-ઓટોમેટિક જેકની મદદથી સ્વચાલિત પદ્ધતિ દ્વારા આગળ ધપાવવામાં આવ્યો હતો.

બુલેટ ટ્રેન પ્રોજેક્ટ પ્રોજેક્ટ અધિકારીઓના જણાવ્યા મુજબ ફ્રેટ ટ્રેક પર ટ્રાફિક વ્યવસ્થાને અસર ન થાય તે માટે અત્યંત સાવધાનીપૂર્વક અને તબક્કાવાર રીતે લોન્ચિંગ કામગીરી પૂર્ણ કરવામાં આવી હતી, જેના કારણે માલગાડીઓની અવરજવરમાં ન્યૂનતમ વિક્ષેપ થયો હતો.મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન કોરિડોર માટે કુલ 28 સ્ટીલ બ્રિજનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાંથી 17 બ્રિજ ગુજરાતમાં બનાવવાના છે. અત્યાર સુધીમાં તેમાંના 14 સ્ટીલ બ્રિજનું કામ પૂર્ણ થઈ ચૂક્યું હોવાનું જણાવાયું છે.

### સુરત રેલવે સ્ટેશનના રી-ડેવલપમેન્ટને પગલે

# બાંદ્રા - અજમેર એક્સપ્રેસ ટ્રેન સુરતને બદલે હવે ઉધના થોભશે

**આગામી** તારીખ 23 મેથી 23 ઓગસ્ટ, 2026 સુધી નિર્ણય અમલી રહેશે

સુરતઃ સુરત રેલવે સ્ટેશન પર હાલમાં ચાલી રહેલા ભવ્ય પુનઃવિકાસને કારણે રેલવે પ્રશાસને ટ્રેન નં.20995/20996 બાંદ્રા ટર્મિનસ-અજમેર-બાંદ્રા ટર્મિનસ એક્સપ્રેસના સ્ટોપેજમાં આગામી સમય માટે કામચલાઉ ફેરફાર કરવામાં આવ્યો છે. આ ટ્રેન હવે સુરત રેલવે સ્ટેશન ના બદલે ઉધના સ્ટેશન પર ઊભી રહેશે.

પશ્ચિમ રેલવેના જનસંપર્ક અધિકારી અનુભવ સક્સેના દ્વારા જાહેર કરવામાં આવેલી સત્તાવાર અખબારી યાદી મુજબ, સુરત સ્ટેશન પર ચાલી રહેલી આધુનિકીકરણની કામગીરીને ધ્યાનમાં રાખીને આ હંગામી વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે. નિયત સમયગાળા દરમિયાન ટ્રેન નં.20995/20996 બાંદ્રા ટર્મિનસ-અજમેર એક્સપ્રેસ સુરત સ્ટેશને નહીં રોકાય. રેલવે તંત્રના જણાવ્યાનુસાર આ નવી વ્યવસ્થા આગામી તારીખ 23 મે, 2026થી શરૂ કરીને 23 ઓગસ્ટ, 2026 સુધી એટલે કે પૂરા ત્રણ મહિના માટે અમલી રહેશે. નવા સમયપત્રક અને રૂટ ડાયવર્ઝનની વિગતો આપતા અધિકારીઓએ જણાવ્યું છે કે, ટ્રેન નં.20995 અજમેર-બાંદ્રા ટર્મિનસ એક્સપ્રેસ સુરતના બદલે ઉધના સ્ટેશન પર સવારે 7:41 કલાકે આવી પહોંચશે અને 7:44 કલાકે ત્યાંથી આગળ ની સફર માટે પ્રસ્થાન કરશે. તેવી જ રીતે, પરત ના ફેરામાં ટ્રેન નં.20996 બાંદ્રા ટર્મિનસ-અજમેર એક્સપ્રેસ સુરતના બદલે ઉધના સ્ટેશને સાંજે 18:12 કલાકે આગમન કરશે અને ત્રણ મિનિટના સ્ટોપેજ બાદ 18:15 કલાકે અજમેર તરફ રવાના થશે. બંને તરફની ટ્રેનોને ઉધના સ્ટેશન પર 3-3 મિનિટનો સ્ટોપેજ ટાઇમ આપવામાં આવ્યો છે. જેથી મુસાફરો સરળતાથી ચઢી અને ઊતરી શકે.

# ૨,૦૦૦થી વધુ વસતીવાળા ગામોમાં અટલવાડી બનશે

**ગામડાઓમાં** સામાજિક કે જાહેર પ્રસંગો થઈ શકે તેવું ૫૦૦ નાગરિકોની ક્ષમતા માટેનું આયોજન

**આપત્તિના** સમયે શેલ્ટર હોમ તરીકે પણ ઉપયોગમાં લઇ શકાશે

ગાંધીનગર : આજે મળેલી રાજ્ય મંત્રી મંડળની બેઠકમાં ગ્રામજનોની સુખાકારીમાં વધારો કરતી નવી "અટલવાડી યોજના"ને મંજૂરી આપી છે. પ્રવક્તા મંત્રી જીતુ વાઘાણીએ જણાવ્યું હતું કે, રાજ્યના છેવાડાના નાગરિકોની સુવિધાઓમાં વધારો કરવાના ઉદ્દેશ્ય સાથે "અટલવાડી યોજના"ને મુખ્યમંત્રીએ મંજૂરી આપી છે. આ યોજના હેઠળ ગામડાઓમાં સામાજિક અને જાહેર પ્રસંગો એક છત હેઠળ થઈ શકે તે પ્રકારની ૫૦૦ લોકોની ક્ષમતા ધરાવતી "અટલવાડી" બનાવવામાં આવશે. અટલવાડીમાં આર્ક-શેડ સહિતનો મોટો ઓપન હોલ, રસોડું, મહિલા અને પુરુષો માટે અલગ શૌચાલય અને પીવાના શુદ્ધ પાણીની પ્રાથમિક વ્યવસ્થા ઉપલબ્ધ કરાવવામાં આવશે. રાજ્યમાં ૨,૦૦૦થી વધુ વસ્તી ધરાવતા ગામોને આ યોજનાનો લાભ મળશે. આ નિર્ણયથી ગામડાના સામાન્ય અને મધ્યમ વર્ગના પરિવારોને લગ્નપ્રસંગ, સામાજિક કે ધાર્મિક મેળાવડા માટે વ્યાજબી ભાડામાં આધુનિક સુવિધા મળી રહેશે. અટલવાડી યોજના હેઠળ પોતાના ગામમાં જ સુવિધા મળવાથી નાગરિકોના ખર્ચમાં પણ મોટી બચત થશે.

આ ઉપરાંત કુદરતી આપત્તિ, વાવાઝોડું, અતિવૃષ્ટિ સમયે શેડનો ઉપયોગ શેલ્ટર હોમ તરીકે પણ કરી શકાશે. આપત્તિ સમયે આ ભૌતિક માળખું ગ્રામજનો માટે સુરક્ષિત 'શેલ્ટર હોમ' તરીકે ઉપયોગમાં લઈ શકાશે.

### યુદ્ધની આડમાં છેલ્લા બે મહિનામાં યાર્નના ભાવોમાં 40 રૂપિયાનો વધારો

# મંદી હોવા છતાં ક્રૂડના ભાવો વધતા યાર્નના ભાવો ભડકે બળ્યા

**વિવર્સ** બિનજરૂરી ખરીદીથી દૂર રહે, ખોટો સ્ટોક ન કરે : મહેન્દ્ર રામોલિયા

**માંડ** એક પાળી ચાલે છે ત્યાં યાર્નના ભાવો બેકાબૂ

સુરત : આંતરરાષ્ટ્રીય સ્તરે ઈરાન વિરુદ્ધ અમેરિકા અને ઈઝરાયલ વચ્ચે યુદ્ધની દહેશત વધતા ક્રૂડ ઓઈલના ભાવોમાં ફરી ઉછાળો આવ્યો છે. તેની સીધી અસર સુરતના ટેક્સટાઈલ ઉદ્યોગ પર જોવા મળી રહી છે. પહેલેથી જ ભારે મંદીનો સામનો કરી રહેલા કાપડ માર્કેટમાં હવે ફ્રન્ટ લાઈન સ્પિનરોએ ફરી યાર્નના ભાવોમાં વધારો જાહેર કરતાં વિવર્સ અને પ્રોસેસ હાઉસ સંકળાયેલા વેપારીઓમાં ચિંતાનો માહોલ ફેલાયો છે. સચિનના અગ્રણી વિવર્સ મહેન્દ્ર રામોલિયાએ જણાવ્યું હતુ કે, છેલ્લા કેટલાક સમયથી જુદીજુદી યાર્ન ક્વોલિટીમાં સતત ભાવવધારો નોંધાયો છે. યુદ્ધની શરૂઆતથી અત્યાર સુધી વિવિધ યાર્નની ક્વોલિટીમાં કિલો દીઠ અંદાજે રૂપિયા 40 સુધીનો વધારો નોંધાયો હોવાનું ઉદ્યોગકારો જણાવી રહ્યા છે. ગઈકાલે POYમાં કિલો દીઠ રૂપિયા 3 નો વધારો થતા ભાવ રૂપિયા 127 સુધી પહોંચ્યા છે.

જ્યારે FDYમાં રૂપિયા 5 નો વધારો થતા ભાવ રૂપિયા 230 સુધી પહોંચ્યા છે. SD અને BRIGHT બક્વોલીટીમાં કિલો ભાવ 6 રૂપિયા વધ્યા છે. બીજી તરફ વિસ્કોસ યાર્નમાં પણ રૂપિયા 10નો વધારો થતા ભાવ રૂપિયા 745 સુધી પહોંચ્યા હોવાનું વેપારી વર્તુળોમાં ચર્ચાઈ રહ્યું છે.

રિલાયન્સ ગ્રુપ દ્વારા પણ 19 મે 2026થી FDY યાર્નના ભાવમાં વધારો જાહેર કરવામાં આવ્યો છે. જાહેર કરાયેલા નવા દર મુજબ SD અને Bright ક્વોલિટીમાં કિલો દીઠ રૂપિયા 3 અને Cationicમાં કિલો દીઠ રૂપિયા 6નો વધારો અમલમાં મૂકવામાં આવ્યો છે.

રામોલિયાએ જણાવ્યું હતું કે, અનેક યુનિટોમાં માંડ એક પાળી કામ ચાલી રહ્યું છે, ત્યારે યાર્નના વધતા ભાવો સામાન્ય વિવર્સની ખરીદી બહાર જતા રહ્યા છે.

યાર્નના ભાવવધારા સાથે વધતા ટ્રાન્સપોર્ટ ખર્ચે પણ વિવર્સ પર વધુ આર્થિક બોજો વધાર્યો હોવાનું ઉદ્યોગકારો જણાવી રહ્યા છે.

## અનુસંધાન... પાના છેલ્લાનું

### દર મહિને...

કેસ નોંધાઈ રહ્યા હોવાનું જાણવા મળી રહ્યું છે. આરોગ્ય નિષ્ણાતોના મતે જો તમામ હોસ્પિટલોના આંકડાઓ એકત્ર કરવામાં આવે તો દર મહિને હજારો લોકો રખડતાં કૂતરાંનો ભોગ બની રહ્યા છે.

### છેલ્લાં અઢી વર્ષમાં ડોગ બાઇટના 91 હજારથી વધુ કેસ

શહેરમાં અવાર-નવાર શ્વાન કરડવાના ભયાનક બનાવો સામે આવતા રહે છે, જેમાં હજુ બે દિવસ પૂર્વે જ ચાર શ્વાને ભેગા મળીને માસૂમ બાળકો પર હુમલો કર્યો હોવાનો એક વિડીયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો. આ ઘટનાને લઈને સ્થાનિક લોકોમાં તંત્ર સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે. છેલ્લા અઢી વર્ષના ટૂંકા ગાળામાં જ સુરત શહેરમાં શ્વાન બાઇટના કુલ 91,993 જેટલા કેસ નોંધાઈ ચૂક્યા છે. વર્ષ 2024માં સુરત શહેરમાં શ્વાન કરડવાના કુલ 34,418 કેસ નોંધાયા હતા. જ્યારે તેના પછીના વર્ષે એટલે કે વર્ષ 2025માં શ્વાન કરડવાનો આ આંકડો ચિંતાજનક રીતે વધીને 39,432 પર પહોંચી ગયો હતો, આ આતંક ચાલુ વર્ષે પણ યથાવત રહ્યો છે, જેમાં વર્ષ 2026 ના પ્રથમ પાંચ મહિનામાં જ (મે મહિના સુધીમાં) શ્વાન કરડવાના 18,143 કેસ નોંધાઈ ચૂક્યા છે. જો સુરત મનપા દ્વારા તાત્કાલિક કોઈ નક્કર અને અસરકારક કાર્યવાહી કરવામાં નહીં આવે, તો આ વર્ષે શ્વાન કરડવાનો કુલ આંકડો જૂના તમામ રેકોર્ડ તોડી નાખશે તે વાત નકારી શકાય તેમ નથી.

### રાજ્ય સરકારે શ્વાનોના ખસીકરણ માટે બે વર્ષ દરમિયાન 6.25 કરોડની ગ્રાંટ ફાળવી

રાજ્યભરમાં રખડતા શ્વાનો અને પશુઓના વધતા જતા ત્રાસને ડામવા માટે સરકાર અને સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા વિશેષ એક્શન પ્લાન તૈયાર કરીને આક્રમક કામગીરી શરૂ કરવામાં આવી છે. શહેરી વિસ્તારોમાં નાગરિકોની સલામતી સુનિશ્ચિત કરવા અને રખડતા શ્વાનોના રસીકરણ તેમજ ખસીકરણ માટે રાજ્ય સરકાર દ્વારા મોટા પાયે ગ્રાંટની ફાળવણી કરવામાં આવી રહી છે. જે અંતર્ગત રાજ્ય સરકાર તરફથી છેલ્લા બે વર્ષ દરમિયાન કુલ 6.25 કરોડ રૂપિયાની માતબર ગ્રાંટ ફાળવવામાં આવી છે. વર્ષ 2024-25 દરમિયાન સરકાર દ્વારા 4.5 કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા હતા, જે પૈકી 3.65 કરોડ રૂપિયાનો ખર્ચ રખડતાં શ્વાનોના નિયંત્રણની વિવિધ કામગીરી પાછળ કરવામાં આવ્યો છે. જ્યારે ત્યારબાદના વર્ષ 2025-26માં રાજ્ય સરકાર તરફથી વધુ 1.75 કરોડ રૂપિયાની ગ્રાંટ ફાળવવામાં આવી છે. આ સરકારી ગ્રાંટની મદદથી સ્થાનિક તંત્રો દ્વારા રખડતાં શ્વાનોની વસ્તી પર નિયંત્રણ લાવવા અને લોકોને તેમના ત્રાસમાંથી મુક્તિ અપાવવા માટે સઘન ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે.

### સુરત નજીક...

જણાવ્યું હતું કે, "કૂતરાએ માત્ર એક જ બચકું ભર્યું હતું, પરંતુ ઘા એટલો ઊંડો છે કે બાળકના ગાલમાંથી માંસ બહાર આવી ગયું. અમે ભારે ગભરાઈ ગયા હતા."

### ટ્રાફિક જામ...

સુરત મહાપાલિકા દ્વારા રસ્તાઓ પહોળા કરવાના આયોજનો કરવામાં આવ્યા છે. જેમાં એરપોર્ટથી ડુમસના કુવાડા સુધીના રસ્તાને પહોળો કરાશે. સાથે સાથે ભીમપોર બે ફાંટાથી લંગર સુધીનો રસ્તો પણ પહોળો કરવામાં આવશે. ડુમસ સી ફેસ માટે જે ટ્રાફિક જામ થાય છે તેને પગલે આ રસ્તાઓ પહોળા કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. જેથી વાહનચાલકો ડુમસ સી ફેસ સુધી ટ્રાફિકમાં ફસાયા વિના જઈ શકે.

જે રસ્તાઓ પહોળા કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે તેમાં એરપોર્ટથી કુવાડા જંક્શન સુધીનો રોડ આશરે 2.2 કિ.મી.નો છે. આ રોડને પહેલા પહોળો કરવામાં આવશે. બાદમાં રૂપિયા 14 કરોડના ખર્ચે તેને આઈકોનિક રોડ તરીકે વિકસાવવામાં આવશે. જેમાં રોડનું બ્યુટિફિકેશન પણ કરવામાં આવશે. આ બ્યુટિફિકેશનમાં આધુનિક સ્ટ્રીટ લાઈટિંગ, aહરિયાળી, આકર્ષક લેન્ડસ્કેપ અને અન્ય શહેરી સુવિધાઓ ઊભી કરાશે જે ભવિષ્યમાં ડુમસ સુધીની મુસાફરીને વધુ સુગમ બનાવશે. આ ઉપરાંત ભીમપોર બે ફાંટા ગેટથી લંગર સુધીનો આશરે 1100 મીટર લાંબો માર્ગ પણ 60 મીટર પહોળાઈ સાથે વિકસાવવામાં આવશે અને વન વિભાગના નંદનવન પ્રોજેક્ટ નજીક આવેલા ટી.પી. રોડને ખુલ્લો કરવા માટે ડિમોલિશનની કામગીરી શરૂ કરી દેવાઈ છે. આ બંને માર્ગો પહોળા થઈ જતાં જ ડુમસ સી ફેસ સુધી જવું સરળ બનશે.

### ડોક્ટર પર...

દંડ ફટકાર્યો હતો તેમજ ફરીયાદીને ગુજરાત વિકટીમ કોમ્પેશેસન સ્કીમ અન્વયે વ્યાજબી વળતરની રકમ નક્કી કરીને ચૂકવવાની ભલામણ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળને કરવામાં આવી હતી.

### સુરતમાં મે...

દરમિયાન મે મહિનામાં અનેક વખત તાપમાન ૪૦ ડિગ્રીને પાર ગયું છે, જ્યારે છેલ્લા બે વર્ષમાં તો ૪૨ ડિગ્રીથી વધુ તાપમાન પણ નોંધાતા લોકો કાળઝાળ ગરમીથી ત્રસ્ત બન્યા છે.

ઉપલબ્ધ આંકડાઓ મુજબ છેલ્લા દસ વર્ષમાં મે મહિનામાં કુલ ૧૫ વખત તાપમાન ૪૦ ડિગ્રીથી વધુ નોંધાયું છે. તેમાં ૧૧ વખત તાપમાન ૪૧ ડિગ્રીને પાર ગયું હતું, જ્યારે ૬ વખત ૪૨ ડિગ્રી કે તેથી વધુ તાપમાન નોંધાયું છે. આ આંકડાઓ દર્શાવે છે કે સુરતમાં ઉનાળાની તીવ્રતા ધીમે ધીમે વધતી જઈ રહી છે. વર્ષ ૨૦૨૪ શહેર માટે સૌથી ગરમ વર્ષોમાં સામેલ રહ્યું હતું. તે વર્ષે મે મહિનામાં ચાર વખત ૪૦ ડિગ્રીથી વધુ તાપમાન નોંધાયું હતું. જેમાં બે વખત તાપમાન ૪૧ ડિગ્રીથી વધુ અને એક વખત ૪૨ ડિગ્રીથી વધુ રહ્યું હતું. જોકે હવે ચાલુ વર્ષ ૨૦૨૬એ પણ ગરમીના મામલે નવા રેકોર્ડ તરફ આગળ વધવાનું શરૂ કર્યું છે. આ વર્ષે અત્યાર સુધીમાં જ બે વખત તાપમાન ૪૨ ડિગ્રીને પાર જઈ ચૂક્યું છે, જ્યારે બે વખત ૪૧ ડિગ્રીથી વધુ તાપમાન નોંધાયું છે. ૨૦૨૦માં પણ ત્રણ વખત ૪૦ ડિગ્રીથી વધુ તાપમાન નોંધાતા લોકો ગરમીથી પરેશાન બન્યા હતા. બીજી તરફ ૨૦૨૫ એકમાત્ર એવું વર્ષ રહ્યું હતું જેમાં મે મહિનામાં એકપણ વખત તાપમાન ૪૦ ડિગ્રી સુધી પહોંચ્યું નહોતું, જેના કારણે લોકોને ગરમીથી થોડી રાહત અનુભવાઈ હતી.

### ભારે પવનથી સુરતીઓને ગરમીથી રાહત, ૩.૪ ડિગ્રીનો ઘટાડો

સુરતઃ સુરત શહેરમાં છેલ્લા કેટલાક દિવસોથી પડી રહેલી કાળઝાળ ગરમી વચ્ચે આજે હવામાનમાં નોંધપાત્ર ફેરફાર જોવા મળ્યો હતો.

શહેરનું મહત્તમ તાપમાન ૩.૪ ડિગ્રી ઘટીને ૩૪.૮ ડિગ્રી સેલ્સિયસ નોંધાતા લોકોને ગરમીમાંથી રાહત મળી હતી. જોકે લઘુત્તમ તાપમાનમાં બે ડિગ્રીનો વધારો થતાં તે ૨૭.૯ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. હવામાં ૬૯ ટકા ભેજ સાથે દક્ષિણ-પશ્ચિમ દિશાનો પવન ૧૬ કિમી પ્રતિ કલાકની ઝડપે ફૂંકાતા શહેરના વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. બપોર બાદ ભારે પવનના કારણે ગરમીની તીવ્રતા ઓછી અનુભવાઈ હતી અને લોકોમાં રાહતનો માહોલ જોવા મળ્યો હતો. હવામાન નિષ્ણાતોના અનુમાન મુજબ આગામી દિવસોમાં પણ તાપમાનમાં વધુ ઘટાડો થવાની સંભાવના છે. દક્ષિણ-પશ્ચિમ પવનોની અસર અને પ્રિ-મોન્સૂન પ્રવૃત્તિઓ સક્રિય બનતા શહેરમાં ગરમીનું પ્રમાણ ધીમે ધીમે ઘટી શકે.

### સુરતમાં બોમ્બ...

હતો. ચીપ્સમાં બેટરી મારફતે જે પાવર સપ્લાય કરવાની કારીગરી હતી તેમાં વોલ્ટેજ ઓછો પડ્યો હતો. જેના કારણે બોમ્બ ફૂટ્યા ન હતા.

## અનુસંધાન... પાના પહેલાનું

### મેટાએ કર્મચારીઓને...

આવી રહ્યા છે અને આશરે 7,000 કર્મચારીઓને નવી એઆઈ ટીમોમાં રીઅસાઈન કરાશે. આ છટણી પહેલાં કંપનીમાં માઉસ મૂવમેન્ટ અને કી-સ્ટ્રોક ટ્રેક કરવાના ટૂલ સામે 1,000થી વધુ કર્મચારીઓએ વિરોધ નોંધાવ્યો હતો. નિષ્ણાતોના મતે, ટેક સેક્ટરમાં ચાલી રહેલી આ છટણી કોઈ અસ્થાયી આર્થિક સુધારો નથી, પરંતુ જનરેટિવ એઆઈના આગમનથી આવેલો કાયમી માળખાકીય બદલાવ છે. મેટા સિવાય તાજેતરમાં સિસ્કો, માઈક્રોસોફ્ટ, એમેઝોન અને ઓરેકલે પણ મોટા પાયે છટણી કરી છે.

### મોદીએ રોમ અને...

કહ્યું કે, ભારતમાં એક શબ્દ ખૂબ જ ખાસ છે 'પરિશ્રમ', જેનો અર્થ થાય છે મહેનત, સતત પ્રયાસ અને સમર્પણ. આ શબ્દનો ભારતમાં અવારનવાર ઉપયોગ કરવામાં આવે છે. પીએમ મોદીએ જણાવ્યું કે, રોમને દુનિયામાં 'ઇટર્નલ સિટી' (ક્યારેય ન સમાપ્ત થનારું શહેર) કહેવામાં આવે છે. ભારતમાં મારી લોકસભા બેઠક કાશીને પણ આ જ રીતે ઓળખવામાં આવે છે. જ્યારે બે સંસ્કૃતિઓ મળે છે, ત્યારે વાતચીત માત્ર એજન્ડા સુધી સીમિત નથી રહેતી. મોદીએ કહ્યું કે, હું પીએમ મેલોનીનો આભાર માનું છું કે તેમણે મારું અને મારા પ્રતિનિધિમંડળનું સ્વાગત કર્યું. પીએમ મોદીએ જ્યોર્જિયા મેલોનીને ભારત આવવાનું આમંત્રણ આપ્યું હતું.

### રાહુલે મોદી પર...

રાયબરેલીની મુલાકાતે ગયેલા ગાંધીએ એક્સ પર જણાવ્યું હતું.

કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષે હિન્દીમાં કરેલી તેમની પોસ્ટમાં જણાવ્યું હતું કે, એવા સમયે જ્યારે દેશના ખેડૂતો, મજૂરો, વેપારીઓ અને અન્ય તમામ લોકો રડી રહ્યા છે, ત્યારે વડા પ્રધાન હસી રહ્યા છે અને રીલ્સ બનાવી રહ્યા છે જ્યારે ભાજપના લોકો તાળીઓ પાડી રહ્યા છે.

રાહુલે કહ્યું, "આપણા માથા પર આર્થિક તોફાન તોળાઈ રહ્યું છે, અને આપણા વડા પ્રધાન ઈટાલીમાં ચોકલેટ વહેંચવામાં વ્યસ્ત છે!" ઈટાલીના વડા પ્રધાને પણ એક્સ પર એક વીડિયોમાં મોદીને દર્શાવ્યા હતા.

વીડિયોમાં મેલોનીએ કહ્યું, "વડા પ્રધાન મોદી અમારા માટે એક ભેટ લાવ્યા છે -- ખૂબ જ સારી ટોફી." જેમાં મોદી ટોફીનું પેકેટ બતાવતા કહે છે, 'મેલોડી'.'' મેલોનીએ એક્સ પર પોતાની પોસ્ટમાં લખ્યું, "ભેટ માટે તમારો આભાર."

### રોમમાં ગુંજ્યો...

કહ્યું હતું કે, બંને દેશો-ભારત અને ઇટાલી, આજે ઇતિહાસમાં કોઈપણ સમય કરતાં વધુ નજીક આવી ગયા છે. મીડિયા સાથેની વાતચીત દરમિયાન, મેલોનીએ પીએમ મોદીની સામે હિન્દી શબ્દોનો પણ ઉપયોગ કર્યો હતો અને પ્રખ્યાત કહેવત પણ ટાંકી હતી. પીએમ મોદી સાથે સંયુક્ત પત્રકાર પરિષદમાં ઇટાલીના પીએમએ એક ભારતીય હિન્દી કહેવત ટાંકી-'પરિશ્રમ જ સફળતાની ચાવી છે'. મેલોનીએ તેનો અંગ્રેજીમાં અનુવાદ પણ કર્યો હતો અને કહ્યું, ''તેનો અર્થ સખત મહેનત સફળતાની ચાવી છે.''

### બ્લિંકઇટ અને ઝેપ્ટો...

મેલોડી ટોફીનું એક પેકેટ ભેટમાં આપ્યું હતું. મેલોનીએ આ ક્ષણનો એક ખુશખુશાલ વીડિયો સોશિયલ મીડિયા પર પોસ્ટ કર્યો અને લખ્યું, ''ભેટ માટે આભાર.'' આ રીલ તરત જ વાયરલ થઈ ગઈ, જેના કારણે સોશિયલ મીડિયા પર લાંબા સમયથી બંને નેતાઓ સાથે જોડાયેલા સ્નેહપૂર્ણ શબ્દપ્રયોગ 'મેલોડી'ની ચર્ચાઓ ફરી જીવંત થઈ ગઈ, અને દેખીતી રીતે જ દેશભરમાં આ ચોકલેટ ખાવાની ઇચ્છા જાગી ગઈ. તેની થોડી જ વાર પછી સમગ્ર ભારતમાં યુઝર્સે તેમની ક્વિક-કોમર્સ એપ્સ પર બે સમાન શબ્દો જોયાઃ 'આઉટ ઓફ સ્ટોક' બ્લિંકઇટ, ઝેપ્ટો, અને ઇન્સ્ટામાર્ટ - આ તમામ એપ પર કેટલાક શહેરોમાં મેલોડી અનુપલબ્ધ હોવાનું દેખાતું હતું.

### યુપીનું બાંદા 48...

આકરી ગરમી પડી રહી છે, જેમાં રિજ બેઝ સ્ટેશને સૌથી વધુ 45.8 ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું. આ ઉપરાંત અયાનગર, પાલમ, લોધી રોડ અને સફદરજંગમાં તાપમાન 44.5ડિગ્રીથી 45 ડિગ્રી સેલ્સિયસ વચ્ચે રહ્યું હતું. પાડોશી રાજ્ય રાજસ્થાનમાં શ્રીગંગાનગર 46.5 ડિગ્રી સેલ્સિયસ સાથે સૌથી ગરમ સ્થળ રહ્યું હતું. જ્યારે પિલાની, ફલોદી, બિકાનેર, ચુરુ અને કોટા જેવા વિસ્તારોમાં પારો 44.2 ડિગ્રીથી 45.3 ડિગ્રી સેલ્સિયસની આસપાસ રહ્યો હતો અને જયપુરમાં 42.5 ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું. પંજાબ અને હરિયાણામાં પણ હીટવેવનો પ્રકોપ જોવા મળ્યો હતો. પહાડી રાજ્યોમાં પણ ગરમીની અસર વર્તાઈ રહી છે. હિમાચલ પ્રદેશના મેદાની વિસ્તારોમાં પારો 44 ડિગ્રી અને શિમલામાં 30.5 ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી ગયો હતો. ઉત્તરાખંડના મેદાની વિસ્તાર દેહરાદૂનમાં 40.6 ડિગ્રી અને પહાડી ન્યૂ ટિહરીમાં 29.9 ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું.

### બંગાળ સરકારે...

પ્રવીણ કુમારે રાજ્ય સરકારના આ અભિગમનું સ્વાગત કર્યું છે. મુખ્યમંત્રી સુવેન્દુ અધિકારીએ ઘૂસણખોરો સામે ''ડિટેક્ટ, ડિલીટ એન્ડ ડિપોર્ટ' (શોધો, હટાવો અને દેશનિકાલ કરો)ની કડક નીતિ જાહેર કરી છે. આ અંતર્ગત હવે પોલીસ દ્વારા પકડાયેલા ઘૂસણખોરોને સીધા BSF ને સોંપવામાં આવશે, જેઓ બાંગ્લાદેશ બોર્ડર ગાર્ડ્સ (બીજીબી) સાથે વાત કરીને તેમને પરત મોકલશે. મુખ્યમંત્રીએ સ્પષ્ટ કર્યું કે નાગરિકતા સંશોધન અધિનિયમ (સીએએ) હેઠળ જે સમુદાયોને રક્ષણ મળ્યું નથી (જેમ કે હિન્દુ, શીખ, બૌદ્ધ, જૈન, પારસી અને ખ્રિસ્તી સિવાયના), તેઓને ગેરકાયદે ઘૂસણખોર ગણીને અટકાયત અને દેશનિકાલ કરવામાં આવશે. પશ્ચિમ બંગાળ બાંગ્લાદેશ સાથે 2,217 કિલોમીટર લાંબી સરહદ ધરાવે છે, જેમાંથી હજુ પણ 600 કિલોમીટર સરહદ પર વાડ લગાવવાની બાકી છે.

### ઈરાન યુદ્ધ...

સંઘર્ષ અને હોર્મુઝની સામુદ્રધુનીની નાકાબંધી અંગે ચિંતા વ્યક્ત કરતાં કહ્યું કે, પશ્ચિમ એશિયાની સ્થિતિ અત્યારે એક 'નાજુક વળાંક' પર પહોંચી ગઈ છે. ખાડી દેશોમાં નવું યુદ્ધ કોઈ પણ ભોગે ટાળવું જોઈએ અને વાટાઘાટો ચાલુ રાખવી જોઈએ. સંઘર્ષનો વહેલો અંત આવવાથી વૈશ્વિક ઉર્જા પુરવઠો, ઈન્ડસ્ટ્રિયલ સપ્લાય ચેઇન અને આંતરરાષ્ટ્રીય વેપાર વ્યવસ્થા પરનું સંકટ દૂર થશે. પ્રમુખ જિનપિંગે મિડલ ઈસ્ટના યુદ્ધ અંગે મોટી ચેતવણી આપતા કહ્યું કે, દુનિયા ફરી એકવાર 'જંગલરાજ' તરફ આગળ વધી રહી છે. જો આ લડાઈ તાત્કાલિક રોકવામાં નહીં આવે તો આંતરરાષ્ટ્રીય વ્યવસ્થા અને વૈશ્વિક સ્થિરતા પર બહુ મોટો ખતરો ઊભો થશે. ચીન અને રશિયા બંને ઈરાનના મહત્વના વ્યૂહાત્મક અને આર્થિક ભાગીદારો હોવાથી, તેઓ હોર્મુઝ સામુદ્રધુની ખોલવા માટે તેહરાન પર પોતાના પ્રભાવનો ઉપયોગ કરી શકે છે.

### આ બેઠકના મુખ્ય...

આવશે, જેનાથી રશિયા યુરોપના બદલે ચીન તરફ પોતાના ગેસ નિકાસને ડાયવર્ટ કરી શકશે.

3. પશ્ચિમી દેશોના સૈન્ય અને વેપાર દબાણ સામે સંયુક્ત પ્રહારઃ

એક સંયુક્ત નિવેદનમાં સીધું અમેરિકાનું નામ લીધા વિના, બંને દેશોએ પશ્ચિમી દેશોના સૈન્ય હસ્તક્ષેપ અને આર્થિક દબાણની આકરી ટીકા કરી હતી. તેમણે અમેરિકાની 'સૈન્ય સાહસવૃત્તિ', 'સત્તા પરિવર્તનના પ્રયાસો' અને વૈશ્વિક શિપિંગ તથા સપ્લાય ચેઇનમાં દખલગીરીની સખત નિંદા કરી હતી. જિનપિંગે ટ્રમ્પની નીતિઓ તરફ ઈશારો કરતા કહ્યું કે અત્યારે એકતરફીવાદ અને આધિપત્યવાદ ફરી માથું ઊંચકી રહ્યા છે.

4. ટેકનોલોજી અને સાયન્સ સેક્ટરમાં સહયોગ વધાર્યોઃ

પશ્ચિમી દેશોના આર્થિક પ્રતિબંધોનો સામનો કરી રહેલા રશિયા અને ચીને સંયુક્ત રીતે ટેકનોલોજી, વૈજ્ઞાનિક સંશોધન, બૌદ્ધિક સંપદા અને ઔદ્યોગિક ક્ષેત્રે પરસ્પર નિર્ભરતા વધારવા માટે કરાર કર્યા છે. રશિયા હવે એડવાન્સ મેન્યુફેક્ચરિંગ, ઇલેક્ટ્રોનિક્સ અને ઇન્ડસ્ટ્રિયલ સપોર્ટ માટે પશ્ચિમી દેશોના બદલે ચીન તરફ ઝડપથી વળી રહ્યું છે.

5. વૈશ્વિક મધ્યસ્થી તરીકે ચીનની નવી ભૂમિકાઃ

આ બેઠક દ્વારા શી જિનપિંગે ચીનને મધ્ય પૂર્વના સંઘર્ષમાં એક ગ્લોબલ મધ્યસ્થી તરીકે રજૂ કર્યું છે. તેમણે યુદ્ધને તાત્કાલિક રોકવા માટે વ્યાપક યુદ્ધવિરામને અનિવાર્ય ગણાવ્યો છે.

### દિલ્હી ડાયરી...

પુનર્ગઠન લાંબા સમયથી પેન્ડિંગ છે. હવે અહેવાલો સૂચવે છે કે કોંગ્રેસ સંગઠનને ટૂંક સમયમાં નવો ચહેરો અને માળખું આપવામાં આવી શકે છે. કદાચ આ જ કારણે વેણુગોપાલના ઉત્તરાધિકારીની શોધ શરૂ થઈ ચૂકી છે. હાલમાં આ રેસમાં ત્રણ નામો ચર્ચામાં છે. સોનિયા ગાંધીની પસંદગી તરીકે અશોક ગેહલોત આ યાદીમાં મોખરે હોય તેવું લાગે છે. વરિષ્ઠતાના આધારે કમલનાથ પણ મજબૂત દાવેદાર તરીકે યથાવત છે. .

**બિહાર ભાજપમાં નવા ચહેરાઓ પર દાવ**

બિહારના નવનિયુક્ત મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરી દ્વારા રચવામાં આવેલી નવીનતમ કેબિનેટમાંથી મંગલ પાંડે જેવા દિગ્ગજ નેતાની ગેરહાજરી ખરેખર આશ્ચર્યજનક છે. પાંડેએ બિહારમાં આજ સુધીની ભાજપની આગેવાની હેઠળની દરેક ગઠબંધન સરકારમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. તેઓ અગાઉ બિહાર ભાજપના પ્રદેશ અધ્યક્ષ તરીકે સેવા આપી ચૂક્યા છે અને અસંખ્ય પ્રસંગોએ પક્ષના કટોકટી વ્યવસ્થાપક તરીકે કામ કર્યું છે.


**બીલીમોરા નગરપાલિકા**

**નગરપાલિકા વિસ્તારના જર્જરીત મિલકતોના માલિક / કબજેદારો જોગ**

**જાહેર નોટીશ ક્રમાંક નં.૦૬/૨૦૨૬-૨૭**

સ્વામી વિવેકાનંદ જન્મજયંતિ, ગુજરાત

આથી બીલીમોરા નગરપાલિકા વિસ્તારના તમામ નગરજનોને ગુજ.મ્યુ.એક્ટની કલમ ૧૮૨(૧) (૨) નોટીશથી જાણ કરવામાં આવે છે કે બીલીમોરા નગરપાલિકા વિસ્તારમાં જર્જરીત થયેલ મકાનો/ તૂટી પડે તેવા જોખમી મકાનો હોય તો તે મકાનો આગામી વર્ષા ઋતુ પહેલા પોતાના સ્વખર્ચે ઉતારી લેવા અથવા રીપેર કરાવી લેવા જણાવવામાં આવે છે. જો આ મકાન તૂટી પડે અને આજુબાજુની મિલકત/ માલ સામાનને નુકશાન થાય કે કોઈ જાનહાનિ થાય તેની તમામ જવાબદારી જે તે મકાનના માલિકની/ ભોગવટા કરનારની રહેશે. જેની ગંભીરતા પૂર્વક નોંધ લેવા વિનંતી છે.

નોંધઃ- જે મિલકતની કોર્ટ કચેરીમાં કાર્યવાહી ચાલુ હોય તેવી મિલકત અંગે સંબધિત સત્તાધિકારી પાસેથી પૂર્વ મંજૂરી મેળવવાની રહેશે.

તા. ૧૯/૦૫/૨૦૨૬

sd/- ચીફ ઓફિસર, બીલીમોરા નગરપાલિકા | sd/- કારોબારી ચેરમેન, બીલીમોરા નગરપાલિકા | sd/-પ્રમુખ, બીલીમોરા નગરપાલિકા

માહિતી/નવસારી/૭૭/૨૦૨૬



**ઓનલાઇન ટેન્ડરીંગ**

**માર્ગ અને મકાન વિભાગ, ભરૂચ**

**જાહેર નિવીદા નં ૦૨ સને ૨૦૨૬-૨૭**

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના નામે અને વતીથી કાર્યપાલક ઈજનેરશ્રી ભરૂચ (મા.મ) વિભાગ, ગાયત્રીનગર, ભરૂચ કોડ નં. ૩૯૨૦૦૧ (ફોન નં. ૦૨૬૪૨-૨૬૧૩૯૪) હસ્તક આવેલ મકાનોમાં બિલ્ડીંગ રીપેરીંગનું ૦૧ કામ, ટીપીઆઇનું ૦૧ કામ અને ફર્નીચરનું ૦૧ કામ, જે કુલ ૦૩ કામના ઓનલાઈન ટેન્ડર માંગવામાં આવે છે. જેની અંદાજી કિંમત રૂા. ૧૦.૪૨ લાખ થી રૂા.૪૪.૬૨ લાખ વચ્ચે છે.

ઉપરોક્ત કામના ટેન્ડર ડોક્યુમેન્ટ http:/tender.nprocure.com વેબસાઈટ ઉપર તા. ૦૩/૦૬/૨૦૨૬ સુધી ઉપલબ્ધ રહેશે તથા માહીતી ખાતાની વેબસાઈટ www.statetenders.gujarat.gov.in ઉપર જોવા મળશે. નિવીદામાં થનાર ફેરફાર વેબસાઈટ પર જોવા મળશે.

માહિતી/ભરૂચ/૫૧/૨૦૨૬



**SURAT MUNICIPAL CORPORATION**

**C.E. Special Cell**

e-Tender (Online) invitation Notice No. C.E./C.E.Spl.CELL /02/2026-27

Online Tenders are invited from interested and experienced, reputed, eligible and qualified firms RFP for Engagement of Transaction Advisor for Structuring and Implementation of Urban Infrastructure Project(s) In Surat Municipal Corporation

| | | |
|---|---|---|
| 1. | Name Of the Department | C.E. Special Cell |
| | No.of Work | 01 |
| 2. | Total Estimated Cost of Tender | Rs. 3500.00 Lacs |

The detail tender notice will be made available on website https://smc.nprocure.com

No.PRO/37/2026-27
Date: 20-05-2026

City Engineer
Surat Municipal Corporation